# કાર્યનોંધ

## પ્રકાશન સમિતિની શૈક્ષણિક વર્ષ - ૨૦૧૮-૧૯ની ત્રીજી બેઠક

---

તા. ૨૬-૦૩-૨૦૧૯નાં રોજ માન.કુલપતિશ્રીની અધ્યક્ષતામાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ની પ્રકાશન સમિતિની ત્રીજી બેઠકનું કોન્ફરન્સ રૂમમાં આયોજન થયું. ગત બેઠકમાં કરેલ ભલામણો અનુસાર કરવામાં આવેલ કામગીરીને બહાલી/મંજૂરી આપવામાં આવી. આ ઉપરાંત, નવી કરવાની થતી કામગીરીની નીચેની વિગતે સમિતિએ ભલામણો કરેલ છે.

(૧.) તા.૦૯-૧૦-૨૦૧૮નાં રોજ કરવામાં આવેલ ભલામણો ક્રમ નં. ૧ થી ૧૭ અનુસાર સંશોધન-પ્રકાશન વિભાગે જરૂરી તમામ કાર્યવાહી કરેલ છે, જેની પ્રકાશન સમિતિએ નોંધ લીધી અને કરેલ કામગીરીને બહાલી આપી તેમજ આવશ્યક મંજૂરી પણ આપેલ છે. ગત બેઠકની ભલામણ ક્રમ નં.(૫) મુજબ ડૉ.બી.ઉમા મહેશ્વરીના Ph.D. Thesis न्यायसारस्य समीक्षाની સમીક્ષા હેતુ સમિતિએ પ્રો.પિયુષ કાંત દિક્ષીત, LBS, New Delhiના નામની ભલામણ કરેલ છે. ગત બેઠકની ભલામણ ક્રમ નં.(૮) મુજબ માંગેલ કુલ બજેટ રૂ.૧૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પંદર લાખ પુરા) ની મર્યાદામાં ખર્ચ કરવાની સમિતિ ભલામણ કરે છે.

(૨) પ્રકાશન વિભાગ દ્વારા પ્રકાશિત થયેલ ત્રણ ગ્રંથો वैयाकरणसिद्धान्तभूषणम् (ભાગ:-૨), Error Analysis in Modern Sanskrit Literature, जगतीविशंतिका તથા सोमज्योति अङ्क-१७-१८નું તા.૦૫-૦૨-૨૦૧૯નાં રોજ ૧૧માં પદવીદાન સમારોહમાં માન. રાજયપાલશ્રી ઓ.પી.કોહલીનાં વરદ હસ્તે વિમોચન કરવામાં આવ્યું જેની સમિતિએ નોંધ લીધી અને બહાલી આપી.

(૩) અજમેર નિવાસી ડૉ. ચમનલાલ રૈનાના ગ્રંથ कश्मीरशाक्तदर्शनम् एवं भवानी सहस्रनामस्वाहाकार-निरूपणम्ની સમીક્ષા હેતુ સમિતિ નીચેની વિગતે બે સમીક્ષકશ્રીઓના ક્રમિક નામ સૂચવે છે.

સમીક્ષક ૧- પ્રો.કમદેશદત્ત ત્રિપાઠી, IGNCA, વારાણસી

સમીક્ષક ૨- પ્રો.શશીનાથ ઝા, દરભંગા, બિહાર

(૪) ડૉ.શત્રુઘ્ન પાણિગ્રાહીના ગ્રંથ वैदिकी स्मृति:ની સમીક્ષા હેતુ સમિતિ નીચેની વિગતે બે સમીક્ષકશ્રીઓના નામ સૂચવે છે.

સમીક્ષક ૧- પ્રો.શ્રી કિશોર મિશ્ર, સંસ્કૃત વિભાગ, વિનયન સંકાય, BHU, વારાણસી

સમીક્ષક ૨- પ્રો.રામરાજ ઉપાધ્યાય, વેદ વિભાગ, LBS, New Delhi.

(૫) તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૦૫-૦૩-૨૦૧૯ સુધીમાં પ્રકાશન વિભાગે નિયમાનુસાર કરેલ કુલ ખર્ચ રૂ. ૧૪,૯૮,૬૪૯ /- (અંકે રૂપિયા ચૌદ લાખ અટ્ઠાણું હજાર છસો ઓગણ પચાસ પુરા)ની પ્રકાશન સમિતિએ નોંધ લીધી અને ૯૯.૯ ટકા ગ્રાંટનો ઉપયોગ કરવા બદલ પ્રકાશન વિભાગ સંભાળતા સંશોધન અધિકારીશ્રીને સમિતિએ અભિનંદન પાઠવ્યાં.

(૬) વાઈબ્રન્ટ ગુજરાત-૨૦૧૯માં કરેલ ઉત્કૃષ્ટ કામગીરીની સમિતિએ નોંધ લીધી.

(૭) ત્રિદિવસીય અખિલ ભારતીય દર્શન સંગોષ્ઠીમાં રજૂ થયેલ અને પ્રકાશન હેતુ જમા કરાવેલ કુલ ૫૫ સંશોધન લેખોની પૂર્વગઠિત ચયન સમિતિ પાસે સમીક્ષા કરાવી તેનો રિપોર્ટ સંશોધન અધિકારીશ્રીએ પ્રકાશન સમિતિ સમક્ષ રજૂ કર્યો.

કુલ ૫૫ સંશોધન લેખો પૈકી ૩૮ લેખોના પ્રકાશન માટે ચયન સમિતિએ ભલામણ કરેલ છે અને ૧૭ લેખો પ્રકાશિત ન કરવાં ચયન સમિતિએ ભલામણ કરેલ છે. ચયન સમિતિની ભલામણને પ્રકાશન સમિતિએ માન્ય રાખી પ્રકાશનની અગ્રિમ કાર્યવાહી હેતુ ભલામણ કરે છે.

(૮) પ્રો.બનમાલી બિસ્વાલજીના ગ્રંથ हस्तलेखशास्त्रम् (स्वोपज्ञ-आङ्गलहिन्द्यनुवाद-समेतम्)ની સમીક્ષા હેતુ સમિતિ નીચેની વિગતે બે સમીક્ષકશ્રીઓના નામ સૂચવે છે.

સમીક્ષક ૧- પ્રો.વસંત ભટ્ટ, અમદાવાદ

સમીક્ષક ૨- પ્રો.દેવેન્દ્રનાથ પાંડેય, વેરાવળ

(૯) વર્ષ ૨૦૧૯-૨૦ના બજેટમાં બે Ph.D Thesis આવી ગયેલ હોવાથી ડૉ. ખગેન્દ્ર પાત્રજીના Ph.D Thesisની હાલ સમીક્ષા ન કરવા સમિતિ ભલામણ કરે છે. સંશોધનગ્રન્થમાલા ચાલું રાખવી કે સ્થગિત કરવી તે અંગેની ચર્ચા હેતુ આગામી પ્રકાશન સમિતિની બેઠકમાં નિર્ણય લેવા સમિતિ ભલામણ કરે છે.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(૧૦) નવા ગ્રંથો પ્રકાશન માટે આવકારવા હેતુ તેનો બહોળો અને યોગ્ય પ્રચાર-પ્રસાર થાય એમ સમિતિ ભલામણ કરે છે. આ કામગીરી માટે આગામી બજેટમાં રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર)ની મર્યાદામાં પ્રચાર-પ્રસાર ખર્ચ કરવા સમિતિ ભલામણ કરે છે.

(૧૧) वाक्यार्थज्योतिः अङ्कः-૩ના સંયોજક ડો.અમૃતલાલ ભોગાયતા અને ડો.રમેશચંદ્ર શુક્લાજીને પત્ર લખી તમામ લેખો પ્રકાશન હેતુ મંગાવવા સમિતિ ભલામણ કરે છે.

(૧૨) वाक्यार्थज्योतिः अङ्कः-૪ની સમીક્ષા હેતુ સમિતિ નીચેની વિગતે ત્રણ સમીક્ષકશ્રીઓના નામ સૂચવે છે.

સમીક્ષક ૧- પ્રો.એમ.કે.મોલિયા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

સમીક્ષક ૨- પ્રો.કશ્યપભાઇ ત્રિવેદી, કચ્છ યુનિવર્સિટી, કચ્છ

સમીક્ષક ૩- પ્રો.દેવેન્દ્રનાથ પાંડેય, વેરાવળ

(૧૩) સમિતિએ સર્વાનુમતે ભલામણ કરેલ છે કે યુનિવર્સિટી સ્થાપનાકાળથી એટલે કે તા.૧૨-૦૪-૨૦૦૫થી તા.૨૦-૦૬-૨૦૧૪ સુધીમાં પ્રકાશન હેતુ આવેલ ગ્રંથો/પુસ્તકો/ડીવીડી હાલમાં સંશોધન અધિકારી પાસે પ્રાપ્ય ન હોઇ, તેનો હવાલો સંભાળતા શ્રી હિતેષભાઇ જાની પાસેથી તમામ સાહિત્ય મેળવવું.

તા.૧૦-૦૪-૨૦૧૮ની પ્રકાશન સમિતિની ભલામણ ક્રમ નં.(૪)ને આધીન તા.૨૪-૦૪-૨૦૧૮ના રોજ શ્રી હિતેષભાઇ જાનીને પત્ર દ્વારા તેની જાણ કરેલ હતી. ફરીથી સ્મૃતિપત્ર પાઠવીને તા.૧૨-૦૪-૨૦૧૫ થી તા.૨૦-૦૬-૨૦૧૪ સુધીમાં પ્રકાશન હેતુ આવેલ ગ્રંથો/પુસ્તકો/ડીવીડી મેળવવા સમિતિ ભલામણ કરે છે.

(૧૪) આગામી ત્રૈમાસિક સમયગાળાના બજેટમાં शोधज्योतिः (अङ्क-१), संस्कृतवाङ्मये शिवतत्त्वम्, बारीन्द्रकुमार घोषः, वेदान्तपरिभाषा અને वाक्यार्थज्योतिः-૩ને ક્રમમાં રાખીને પુસ્તક પ્રકાશનની સમિતિ ભલામણ કરે છે.

<u>અધ્યક્ષ સ્થાનેથી :-</u>

(૧૫) આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં પ્રકાશન વિભાગે બજેટ પેટે રૂ.૧૬,૫૦,૦૦૦/- (અંકે રૂપિયા સોળ લાખ પચાસ હજાર પુરા)ની માંગ કરેલ હતી, જે સંપૂર્ણપણે મંજૂર થયેલ છે એમ માન.કુલપતિશ્રીએ જણાવેલ છે. આ બાબતની સમિતિએ નોંધ લીધી.

અંતે, સંશોધન અધિકારીશ્રીએ સૌનો આભાર વ્યકત કર્યો.

SHREE SOMNATH SANSKRIT UNIVERSITY VERAVAL

(ડૉ. કાર્તિક પંડ્યા)
સંશોધન અધિકારી